ॐ R. Thakar

12/16

श्रीमते रामानुजाय नमः ॥ १ ॥

ભગવદ્ગીતા મહાત્મ્યનું
ગુજરાતી પદ્ય ભાષાંતર.

90

રચનાર

ભગવાનદાસ વિશ્રામ દેલવાડાકર મુંબઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શેઠ બારભાઈ મોહોલા શ્રીમદ્ ભગવદ્ગીતા
શાળાના નિમિત્તાર્થે ડૉ. એમ. ઝવેરીના મેતા
ના તરફથી ભગવાન વિશ્રામ દેલવાડાકર મુંબઈ.

અમદાવાદ—ધી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં
શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦. સંવત ૧૯૭૦

વિનામૂલ્યે.

॥ ॐ ॥

॥ श्रीगीता माहात्म्यम् ॥

धरोवाच ॥

भगवन्परमेशान, भक्तिरव्यभिचारिणी ।
प्रारब्धं भुज्य मानस्य, कथं भवति हे प्रभो ॥१॥

દોહરા.

પૃથ્વી પૂછે છે.–

હે પ્રભુ ભગવંત પરમ ઈશ, ભક્તિવિણ વ્યભિચાર;
ભોગવવા પ્રારબ્ધને, કેમ બને કીરતાર. १

विष्णुरुवाच ॥

प्रारब्धं भुज्यमानो हि, गीताभ्या सरतः सदा ।
स मुक्तः स सुखी लोके, कर्मणा नोपलिप्यते ॥२॥

શ્રીવિષ્ણુ કહે છે:–

અદ્રષ્ટ ભોગવતો છતો, ગીતા નિત્ય પ્રીત ગાય;
મુક્ત સુખી ને લોકમાં, ન કર્મથી લેપાય. ૨

महापापादि पापानि, गीताध्यानं करोति चेत् ।
क्वचित्स्पर्शं न कुर्वन्ति, नलिनीदलमंबुवत् ॥३॥

નલિની દલને જલ કવચિત, સ્પર્શ કરે નહિ જેમ;
મહા અઘાદિક સર્વ અઘ, ગીતા ધ્યાનથી તેમ. ૩

गीतायाः पुस्तकं यत्र, यत्र पाठः प्रवर्त्तते ।
तत्र सर्वाणि तीर्थानि, प्रयागादीनि तत्र वै ॥४॥

પુસ્તક જ્યાં ગીતાતણું, પાઠ પ્રવર્તન થાય;
આવે તીર્થ સકળ નકી, પ્રયાગ આદિ ત્યાંય. ૪

सर्वे देवाश्च ऋषयो, योगिनः पन्नगाश्चये ।
गोपाला गोपिका वाऽपि, नारदोद्धवपार्षदैः
सहायो जायते शीघ्रं, यत्र गीता प्रवर्तते ॥५॥

સર્વે દેવો યોગીઓ, તથૈવ ઋષિઓ વ્યાલ;
નારદ, ઉદ્ધવ પાર્ષદો, અને ગોપીકા ગ્વાલ. ૫
સહાય કરે કારણે, તહીં ત્વરાથી જાય;
થાય પ્રવર્તન જ્યાં કને, ગીતા તણું સહાય. ૬

यत्र गीता विचारश्च, पठनं पाठनं श्रुतम् ।
तत्राहं निश्चितं पृथ्वि, निवसामि सदैव हि ॥६॥

ભણવું યત્ર ભણાવવુ, ગીતા શ્રવણ વિચાર;
તત્ર વસું હું સર્વદા, હે પૃથ્વી નિરધાર. ૭

गीताश्रयेऽहं तिष्ठामि, गीता मे चोत्तमं गृहम् ।

गीताज्ञानमुपाश्रित्य, त्रीँल्लोकान्पालयाम्यहम् ॥७
ગીતાશ્રયમાં હુ રહુ, ગીતા મમ ગૃહ જાણુ;
પાળુ ગીતા જ્ઞાનથી, ત્રીભુવનને નિરવાણુ. ૮

गीता मे परमा विद्या, ब्रह्मरुपा न संशयः ।
अर्धमात्राऽक्षरा नित्या, स्वनिर्वाच्य पदात्मिका ८
પરમાવિદ્યા બ્રહ્મરૂપ, ગીતા ભ્રાંતિ રહિત;
નિત્ય અર્ધમાત્રાક્ષરા, પદાત્મ કથન અમીત. ૯

चिदानंदेन कृष्णेन, प्रोक्ता स्वमुखतोऽर्जुनम् ।
वेदत्रयी परानंदा, तत्त्वार्थ ज्ञान संयुता ॥९॥
કૃષ્ણુ ચિદાનંદે કથી, નીજ વદને પ્રતી પાર્થ;
પરમાનંદા નિગમ ત્રય, જ્ઞાનસહિત તત્ત્વાર્થ. ૧૦

योऽष्टादशो जपेन्नित्यं, नरो निश्चलमानसः ।
ज्ञान सिद्धिं स लभते, ततो याति परं पदम् १०
જે નર નિશ્ચળ મન થકી, જપે સદૈવ અઢાર;
મળે જ્ઞાન સિદ્ધિવડે, અક્ષયપદ નિરધાર. ૧૧

पाठेऽसमर्थः संपूर्णे, तदर्धं पाठमाचरेत् ।
तदा गोदानजं पुण्य, लभते नात्र संशयः ११

પાઠ બને નહિ પૂરણ તો, અર્ધ કરે જન નિત્ય;
પુણ્ય મળે ગોદાનનું, સંશય રહિત ખચીત. १२

त्रिभागं पठमानस्तु, गंगास्नानफलं लभेत् ।
षडंशं जपमानस्तु, सोमयाग फलं लभेत् ॥१२॥

ગંગાસ્નાનતણું મળે, પાઠે ષડ્ અધ્યાય;
ભાગ છઠ્ઠો જપવાવરે, +શશીમખનુ ફળ થાય. १३

एकाध्यायं तु यो नित्यं, पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोति, गणो भूत्वा वसेच्चिरम् १३

એકાધ્યાય પઠે સદા, ભક્તિ સહિત નર જેહ;
કૈલાશે ગણ થઇ વસે, દીર્ઘ સમય લગી તેહ. १४

अध्यायं श्लोकपादं वा, नित्यं यः पठते नरः
यावन्मन्वंतरं याति, नरतां स वसुंधरे ॥१४॥

નિત્ય પઠે અધ્યાય વા, શ્લોક અગર પદ જેહ;
પામે મન્વતર લગી, વસુધરા નર દેહ. १५

गीतायाः श्लोकदशक, सप्त पंच चतुष्टयम् ।
द्वौ त्रीनेकं तदर्धं वा, श्लोकानां यः पठेन्नरः१५

ગીતાના દશ સાત કે, પચમ અથવા ચાર,

+સોમયાગનું.

શ્લોક ઉભય ત્રણુ અર્ધ કે, એક પઠે ધરી પ્યાર. ૧૬

चंद्रलोकमवाप्नोति, वर्षाणामयुतं ध्रुवम् ।
गीतापाठसमायुक्तो, मृतो मानुषतां व्रजेत् १६

વર્ષ અયુત નિશ્ચે વસે, શશીમંડળ મોઝાર;
થાય મનુષ્ય મૃત્યુ પછી, ગીતાસમ પઠનાર. ૧૭

गीताभ्यासं पुनः कृत्वा, लभते मुक्तिमुत्तमाम् ।
गीतेत्युच्चार संयुक्तो, म्रियमाणो गतिं लभेत् १७

પુનઃ પુનઃ અભ્યાસથી, ઉત્તમ મુક્તિ પમાય;
ગીતા ઉચ્ચારે ગતિ, મરણુ સમે શુભ થાય. ૧૮

गीतार्थ श्रवणासक्तो, महापाप युतोऽपि वा ।
वैकुंठं समवाप्नोति, विष्णुना सह मोदते ॥१८॥

ગીતાર્થ શ્રવણાસક્તનાં, ટળે મહા અઘ વૃંદ;
હરિસંગે વૈકુંઠમાં, વશી લહે આનંદ. ૧૯

गीतार्थं ध्यायते नित्यं, कृत्वा कर्माणि भूरिशः।
जीवन्मुक्तः स विज्ञेयो, देहांते परमं पदम् १९

કર્મ અનેક કરે ધરે, ગીતાર્થનું નિત્ય ધ્યાન;
પામે જીવન્મુક્ત થઇ, અંતે અક્ષય સ્થાન. ૨૦

गीतामाश्रित्य बहवो, भूभुजो जनकादयः ।

निर्धूतकल्मषालोके, गीता याताः परं पदम् २०

જનકાદિક આ લોકમાં, ગીતાશ્રયે ગવાય;
પાપરહિત થઈ પરમપદ, પામ્યા અગણિતરાય. ૨૧

गीतायाः पठनं कृत्वा, माहात्म्यं नैव यः पठेत्
वृथा पाठो भवेत्तस्य, श्रम एव ह्युदाहृतः ॥२१॥

પાઠ કરે ગીતાતણો, મહાત્મ્યવિણ જન જેહ;
પાઠ વૃથા શ્રમરૂપ કહ્યો, તેનો નિઃસંદેહ ૨૨

एतन्माहात्म्य संयुक्तं, गीताभ्यासं करोति यः
स तत्फलमवाप्नोति, दुर्लभां गतिमाप्नुयात् २२

જે આ મહાત્મ્યયુક્ત નર, કરે ગીતા અભ્યાસ;
પામે ઉત્તમ સતત્ ફળ, દુર્લભ ગતિને ખાસ. ૨૩

सूत उवाच ॥

माहात्म्यमेतद्गीताया, मया प्रोक्तं सनातनम् ।
गीतांते च पठेद्यस्तु, यदुक्तं तत्फलं लभेत् २३

સૂત કહે છે.–

મહાત્મ્ય સનાતન પ્રણીત મમ, પઢે ગીતા પશ્ચાત્;
પામે માનવ ઉક્ત ફળ, સૂત કહે સાક્ષાત્. ૨૪

इति श्रीवाराहपुराणे श्रीगीतामाहात्म्यं संपूर्णम्

કહ્યું વરાહપુરાણમાં, પૃથ્વીને ભગવાન;
કહ્યું સુતે સૌનક કને, ગીતા માહાત્મ્ય ગાન. ૨૫

સનાતનધર્મની ગર્જનાઓ

"શ્રીસનાતનધર્મપુસ્તકપ્રસારકમંડળ" એ નામની સંસ્થા તરફથી ફક્ત રૂ ૦-૮-૦ માં જનસમુહને ઉંચા ગ્લાઝડ કાગળ ઉપર બાર માસનાં ૪૦૦ પૃષ્ઠો પૂરાં પાડવામાં આવે છે. બીજા વર્ષની શરૂઆતમા નીકળેલી પ્રથમ ગર્જના કે જેનું નામ 'સાસરે જતી પુત્રીને પિતાનો પ્રબોધ' છે તે ગર્જના તો ખાસ દરેક ગૃહસ્થના ઘરમા રાખવાલાયક છે. આ ગર્જનામાં પુત્રી પ્રતિ માતા-પિતાનું કર્તવ્ય અને પુત્રીઓના કર્તવ્ય તથા તેમને લગ્ન કર્યા પછી પાળવાના પતિવ્રત ધર્મનું સવિસ્તર નિરૂપણ, સતીના આચરણો, ને તેથી થતાં શુભ પરીણામો, દુરાચારથી થતા અશુભ પરિણામો, કન્યાવિક્રય નિષેધ, નિર્મળા નામે એક સતીનું અદ્ભુત ચરિત્ર તથા જાનકી હરણ, શાકુંતલ તથા બીજા કાવ્યોમા સ્ત્રીઓને માટે જે જે સુબોધનું વર્ણન કર્યું છે તેના સારાંશનો આ વિષયમાં સમાવેશ કરેલો છે. આ લેખ એકલી સ્ત્રીઓનેજ ઉપયોગી છે એમ નથી પરંતુ આ લેખ તો સર્વ આબાલ, વૃદ્ધ, સ્ત્રીઓને તથા પુરૂષો અને અન્યાશ્રમીઓને પણ અવલોકન કરવાયોગ્ય છે; અને સૌભાગ્યવતી સ્ત્રીઓને તો તે મોટામાં મોટું કંઠાભરણ કે ચૂડામણિ સમાન છે. આ સિવાય હવે પછીની ગર્જનાઓમાં ઘણાં રસિક આખ્યાનો સાથે બ્રહ્મચારી, ગૃહસ્થ વાનપ્રસ્થ અને સંન્યાસી એ નામના નામ પ્રમાણે આશ્રમ ધર્મોનું સંપૂર્ણ નિરૂપણ કરનારા ઉંચા વિષયો લઈ જનસ-

માજની સેવા બજાવવાનું આ સંસ્થાના મંત્રીએ ધાર્યું છે.

સનાતન ધર્મની ગર્જનાઓની પ્રસિદ્ધિથી આ સંસ્થાને પરોપકૃતિ વિના બીજો આર્થિક લાભ કાંઈ પણ નથી, પરંતુ સંસ્થા ચલાવનારને ઉત્તમ લેખો મેળવવા, પ્રેસોમાં સમયસર છપાવવા, પ્રુફો તપાસવા અને નજીવા એટલે પરાણેજ પુસ્તકો પ્રસિદ્ધ કરવાનું ખર્ચ નભે એવા કાર્યમાં કાંઈ ઓછો પ્રયત્ન નથી. સનાતન ધર્મની ગર્જનાના ગ્રાહક થવાની ઈચ્છા રાખનારે નીચેના શિરનામથી રૂ. ૦—૮—૦નું મનીઓરડર કરી વા વિ. પિ. કરવા પત્ર લખી ગર્જનાઓ મંગાવી લેવી.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.
મંત્રી, શ્રીસનાતન ધર્મ પુસ્તક પ્રસારક મંડળ.
રાયપુર—અમદાવાદ.

છપાય છે!   છપાય છે!!   છ

શ્રીશંકરાચાર્યકૃત અષ્ટાદશ (૧૮) ગ્ર
સાધન પંચક, ૨ સદાચાર સ્તોત્ર, ૩ ષટ્પદી,
નૌકા, ૫ વાક્ય સુધા, ૬ હરિમીડે, ૭ યોગ ત
આત્મબોધ, ૯ તત્ત્વબોધ, ૧૦ સ્વાત્મ નિરૂપણ,
પંજરિકા, ૧૨ મોહ મુદ્ગર, (દ્વાદશ પંજ
સિદ્ધાંત બિંદુ, (નિર્વાણદશક), ૧૪ વાક્યવૃત્તિ, ૧
હ્માનુભૂતિ, ૧૬ વિવેક ચૂડામણિ, ૧૭ શતશ્લોકી, (વે
કેસરી), ને ૧૮ ઉપદેશ સહસ્રી (બન્ને ભાગ) મૂળ
અને વિવેચન સાથે. તે ઉપરાંત તેમાં શ્રીશંકરાચા
જીવન વૃત્તાંત પણ આવશે તેમજ ચાર સુંદર ચિત્રો
આવશે. પાંચ સોનેરી નામવાળું પાકું પૂઠું થશે તે
આગળથી ગ્રાહક થનાર પાસેથી રૂ. ૧-૪-૦ લેવામાં આ
પાછળથી મૂલ્ય રૂ. ૧-૮-૦ રખાશે.

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

રાયપુર—અમદાવાદ.